સમસ્ત ખરક જ્ઞાતિનું ઈ-માસિક પત્ર

# ખરક સમાજ દર્પણ

તંત્રી : આનંદ સેતા

કાર્યાલય : ૩૭, મહાલક્ષ્મી, વી.ટી.નગર, મહુવા - ૩૬૪ ૨૯૦.

E-mail : kharaksamajdarpan@gmail.com / Mo. 99254 87956

વર્ષ : ૧ | ઓક્ટોબર - ૨૦૨૧ | અંક : ૯ (પેઇજ : ૭)

## તંત્રી સ્થાનેથી



સુજ્ઞ જ્ઞાતિજનો

નવા વરસના રામ... રામ

નવું વરસ સૌને માટે શુભ-મંગળ, અર્થ-સભર અને આરોગ્યપ્રદ બની રહો તેવી શુભેચ્છા.

નવા વરસે માણસ માત્ર કંઇક સંકલ્પ કરતાં હોય છે અને પોતાના ચીલાચાલુ જીવનમાં કંઇક પરિવર્તન લાવવા મથતાં હોય છે તે ખૂબ સરસ વાત છે. માણસ ચાલે છે, દોડે છે અને દોડતાં દોડતાં હાંફી જાય છે, થાકી પણ જાય છે, એક કેમ? તેની પાછળનું કારણ તેણે ચાલવાનું શરૂ કર્યું તે પહેલા ધ્યેય (દિશા) નક્કી ન કર્યું હોય તેમ બને તેથી ચાલવું મહત્વનું નથી. દિશા નક્કી કરવી તે અગત્યનું છે. જો દિશા નક્કી કર્યા પછી પણ જરા સરખી બેદરકારી રાખીએ તો જયાં જવા નીકળ્યા હોઇએ ત્યાં જવાના બદલે બીજે જ પહોંચી જઇએ છીએ. આથી દિશા નક્કી કર્યા પછી સતત જાગૃતિ જરૂરી છે.

રમેશચંદ્ર ભટ્ટ ની એક વાત એટલામાં શું અરધી સદીની વાંચન યાત્રા માં વાંચેલી ગમી ગઇ...

એડન બંદરેથી એક જહાજ મુંબઇ આવવા નીકળ્યું. તેના ખલાસીઓ હોશિયાર હતા. કપ્તાન પણ હોશિયાર હતો. તેમણે હોકાયંત્ર પાસે એક માણસને બેસાડયો. તેને સૂચના આપી રાખી કે હોકાયંત્રની સોય તેની જગા બદલે, તો તરત પોતાને ખબર આપવી. સુકાનીની સરતચૂકથી જહાજે દિશા જરાક બદલી. હોકાયંત્રનો કાંટો એક ઇંચના વીસમાં ભાગ જેટલો ખસ્યો હશે. ત્યાં બેસાડેલ માણસને થયું, એટલામાં શી જાણ કરવી'તી ! એમ કરતાં કરતાં જહાજે ઘણો પંથ કાપી નાખ્યો. છેવટે ભારતનો કિનારો દેખાયો. ''પણ આ શું ? મુંબઇનું બંદર કયાં ?'' મુંબઇ તો ૫૦૦ માઇલ ઉત્તરે રહી ગયું ! આટલો બધો ફેર કેમ પડી ગયો ? કપ્તાન હોકાયંત્ર ભણી ગયો. જલદી જઇને જોયું તો હોકાયંત્રનો કાંટો સહેજ ખસેલો હતો. માણસને કપ્તાને પૂછયું, ''કાંટો ખસ્યો, છતાં મને કેમ જણાવ્યું નહીં ?'' પેલો કહે, ''પણ સાવ જરાક જેટલો ખસેલો, તેમાં શું કહેવું'તું ?'' કપ્તાને કહ્યું, ''એ જરા જેટલો નથી ખસ્યો, ૫૦૦ માઇલ જેટલો ખસ્યો છે અને લાંબો પંથ હોત તો કાંટો પાંચ હજાર માઇલ જેટલો ખસેલો ગણાત !''

આનંદ સેતા

(તંત્રીશ્રી, ખરક સમાજ દર્પણ, મહુવા)

## સમાચાર દર્પણ

### સ્વાગત સમારોહ



સામાજિક ન્યાય અને અધિકારીતાના મંત્રી શ્રી આર.સી. મકવાણા (ધારાસભ્ય-મહુવા) નું જ્ઞાતિની વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું. જેમાં ખરક કેળવણી સહાયક સમાજ, તથા સમસ્ત ખરક જ્ઞાતિ તથા ખરક જ્ઞાતિ ટ્રસ્ટ તથા ખરક વેપારી એસોસીએશન તથા ભાજપના વિવિધ હોદ્દેદારો દ્વારા શાલ ઓઢાડી તથા મોમેન્ટ દ્વારા સત્કાર કરાયો.






## મા તુઝે સલામ

### લશ્કરમાં કામ કરતા જાંબાઝ જ્ઞાતિબંધુઓ



નામ : વળિયા કિશોરભાઇ બાબાભાઇ

વતન : ભુંભલી

તા. ભાવનગર. જિ. ભાવનગર.

પરિવાર : પત્નિ : સોનલબેન (પિયર ઘોઘા)

પુત્ર : ઓમ (૯ વર્ષ) રોનક (૫ વર્ષ)

જન્મ તારીખ : ૦૬/૦૬/૧૯૮૪ (ભુંભલી)

ભારતીય સેનામાં ભરતી તારીખ : ૧૭/૦૯/૨૦૦૪

અનુભવ : ૧૭ વર્ષ (નિવૃત્તી : ૩૦/૦૯/૨૦૨૧)

કામગીરીના ક્ષેત્રો : નાસિક (મહારાષ્ટ્ર) ટ્રેનીંગ ફિરોજપુર (પંજાબ), રાજોરી (જમ્મુ કાશ્મીર) મેરઠ (યુપી) હૈદ્રાબાદ (આંધ્રપ્રદેશ) ચિડાવા (રાજસ્થાન) કુપવાડા (જમ્મુ કાશ્મીર) જોધપુર (રાજસ્થાન)

## સમસ્ત ખરક જ્ઞાતિ જોગ

### શ્રી મહુવા ખરક જ્ઞાતિ આયોજીત શ્રી સમસ્ત ખરક જ્ઞાતિ ૨૬ મો સમુહ લગ્ન સમારોહ - મહુવા

શ્રી સમસ્ત ખરક જ્ઞાતિના જ્ઞાતિબંધુઓને જણાવવાનું કે, આગામી ૨૬ મો સમુહ લગ્ન સમારોહ મહાવદ-૧ને ગુરૂવાર તા. ૧૭/૦૨/૨૦૨૨ના રોજ મહુવા મુકામે યોજનાર છે. તો આ શુભ પ્રસંગમાં જોડાવા ઇચ્છતા વર-કન્યાનાં વાલીઓએ તા. ૧૭/૧૧/૨૦૨૧ થી ૧૭/૦૧/૨૦૨૨ સુધીમાં નીચેના સ્થળેથી ફોર્મ મેળવી ભરી પરત કરવા નમ્ર વિનંતી.

નોંધ :
સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ સમુહલગ્ન સમારોહ યોજાશે.
કોઇપણ પ્રકારના આખરી નિર્ણય કારોબારી કમીટીના રહેશે.

**ફોર્મ મેળવવાનું અને પરત કરવાનું સ્થળ**

આસ્થા એગ્રો ટેક - મહુવા
એ-૧, નોમની બજાર, મેઘદુત સિનેમા રોડ, મહુવા
દિપકભાઇ પી. પટેલીયા મો. ૯૭૨૬૧ ૭૩૭૭૬

વધુ માહિતી માટે :
રમેશ એન. વાળાકી મો. ૯૪૨૯૨ ૩૧૭૧૧
જયસુખભાઇ આર. સેંતા મો. ૯૯૦૯૪ ૭૧૩૩૮

લી. શ્રી મહુવા ખરક જ્ઞાતિ સમુહ લગ્ન સમિતિ ટ્રસ્ટ-મહુવા

## શુભ ઉદ્‌ઘાટન

મહુવા : કાપડિયા વેલજીભાઈ દેવજીભાઈ તથા કેશવભાઈ વેલજીભાઈ તથા અશોકભાઈ વેલજીભાઈ (અશોક દુગ્ધાલય - મહુવા) દ્વારા **સાંઈ જનરલ સ્ટોર** નું શુભ ઉદ્‌ઘાટન પૂ. માતા જવલબેન તથા પિતા વેલજીભાઈના વરદ્ હસ્તે તા. ૮/૧૦/૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : અશોક દુગ્ધાલયની બાજુમાં, એ.ટી.એમ. સામે, ગાંધીબાગ રોડ, મહુવા. સંપર્ક : ૯૪૨૯૫ ૮૪૭૪૯ (કેશવભાઈ)

---

અંકલેશ્વર : જસપરા (માંડવા) ના દિલીપભાઈ નટુભાઈ ઠંઠ દ્વારા **નિશા ઈલેક્ટ્રીકલ્સ એન્ડ ફિલ્ટર હાઉસ** નો શુભારંભ તા. ૧૪/૯/૨૦૨૧ના રોજ અંકલેશ્વર ખાતે કરવામાં આવ્યો. સ્થળ : જી-૫૩, ગોલ્ડન પોઇન્ટ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર. મો. ૯૦૨૨૩ ૫૨૧૦૨

---

ભાવનગર : થોરાળીના કેવલભાઈ નરશીભાઈ ખીમાણી તથા હમીરપરાના કૌશિકભાઈ હરજીભાઈ પટેલિયા દ્વારા **ક્રિષ્ના મેડિકલ એન્ડ જનરલ સ્ટોર** નું શુભ ઉદ્‌ઘાટન માતા-પિતાના વરદ્ હસ્તે તા. ૮/૧૦/૨૧ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : શોપ નં. ૮, સિલ્વર સ્કાય કોમ્પ્લેક્ષ, ૧૫૦ રીંગ રોડ, ભાવનગર. સંપર્ક : ૮૧૬૦૮ ૯૮૦૯૫ (કેવલ) ૯૭૧૪૫ ૪૧૨૬૭ (કૌશિક)

---

ભાવનગર : ભંડારિયા નિવાસી ભોજાણી ગૌતમભાઈ રણછોડભાઈ દ્વારા **શ્રી રામ મોટર્સ** નું શુભ ઉદ્‌ઘાટન તા. ૧૧/૧૦/૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : ટોપ-થ્રી, લીલા સર્કલ રોડ, બજરંગદાસ બાપાની મઢુલીની બાજુમાં, ભાવનગર. મો. ૯૩૨૮૯ ૧૯૧૬૫

---

મહુવા : મૂળ રાજપરા નિવાસી (ખીમાણી બ્રધર્સ - ગોરડિયા કોમ્પ્લેક્ષ - મહુવા) શ્રી બાલાભાઈ ઝવેરભાઈ ખીમાણીના પુત્ર શૈલેષભાઈ દ્વારા **શ્રી ચામુંડા ડેરી** નું શુભ ઉદ્‌ઘાટન પૂ. પિતાશ્રીના વરદ્ હસ્તે તા. ૧૫/૧૦/૨૧ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : બારપરા બંદર રોડ, ઓમકાર ડેરીની બાજુમાં, મહુવા. મો. ૯૧૦૬૩ ૩૨૪૧૬ (શૈલેષ)

---

મહુવા : વ્યવસાયક્ષેત્રમાં યશસ્વી મહારાજા પરિવારના શ્રી અશોકભાઈ શામજીભાઈ કોરડિયા તથા નિલેશભાઈ કરસનભાઈ કોરડિયા વગેરે દ્વારા **મહારાજા ગોલ્ડ** (સરકાર માન્ય ૯૧૬ ગોલ્ડ તથા સિલ્વર જવેલરીનો શો-રૂમ) નું શુભ ઉદ્‌ઘાટન પ.પૂ. શાસ્ત્રી વિશ્વવલ્લભદાસજી (વેદાંતાચાર્ય) ના વરદ્ હસ્તે તા. ૯/૧૧/૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : મહારાજા ગોલ્ડ, ગાર્ડન રોડ, મહુવા. મો. ૯૬૩૮૨ ૨૩૯૨૧ (૦૨૮૪૪) ૨૨૩૯૨૨

---





તળાજા : ધારડીવાળા ડૉ. રાજુભાઈ એમ. સોલંકી (MBBS, DCH.) (નવજાત શિશુ તથા બાળરોગના નિષ્ણાંત) તથા ડૉ. નમ્રતા આર. સોલંકી (BDS) (દાંત તથા પેઢાના રોગના નિષ્ણાંત) દ્વારા તળાજા ખાતે સંપૂર્ણ સુવિધા સભર હૉસ્પિટલ **શાશ્વત** (ચિલ્ડ્રન હૉસ્પિટલ એન્ડ ડેન્ટર કેર) તથા **રુશાંક મેડિકલ સ્ટોર** નો શુભારંભ પૂ. માતા-પિતાના વરદ્ હસ્તે તા. ૧૦/૧૦/૨૧ના રોજ કરવામાં આવ્યો. સ્થળ : ડૉ. કાપડિયા સાહેબનું દવાખાનું, ગર્લ્સ સ્કૂલ સામે, ગોપાલ ભુવનવાળો ખાંચો, તળાજા. જિ. ભાવનગર. મો. ૮૨૦૦૪ ૮૦૭૯૬

---

મહુવા : શ્રી મગનભાઈ રવજીભાઈ ગોહેલ તથા લક્ષ્મણભાઈ રવજીભાઈ ગોહેલ તથા શ્રી લાલુ મગનભાઈ ગોહેલ દ્વારા **KR Gold** (૯૧૬ હોલમાર્ક સોના-ચાંદીનો જવેલરી શો-રૂમ) **KR Fashion** (ચિલ્ડ્રન-વેર, ડ્રેસ તથા સાડી) તા. ૨૮/૧૦/૨૦૨૧ના રોજ પ.પૂ. રાજેન્દ્રદાસબાપુના વરદ્ હસ્તે શુભ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. સ્થળ : વિશ્વકર્મા મંદિરની સામે, વાસી તળાવ, મહુવા. મો. ૯૮૭૯૫ ૫૦૯૨૦ (મગનભાઈ) ૯૮૨૪૪ ૫૦૯૨૦ (લક્ષ્મણભાઈ)

---

મહુવા : મહુવા નિવાસી લક્ષ્મણભાઈ માધાભાઈ ભુત દ્વારા **નારાયણ પેટ્રોલિયમ** નો શુભારંભ તા. ૧૪/૧૦/૨૧ના રોજ કરવામાં આવ્યો. સ્થળ : હનુમંત હૉસ્પિટલ સામે, નેશનલ હાઇ-વે ૫૧, મહુવા. જિ. ભાવનગર. મો. ૯૪૦૭૨ ૮૨૯૩૦

---

મોરંગી : વાયલુ દિલીપભાઈ કેશવભાઈ તથા વાયલુ મહેશભાઈ કેશવભાઈ (મોરંગીવાળા) દ્વારા **રુદ્ર પ્રોટીન** (એક્સપોર્ટ ક્વોલિટી શીંગદાણા) નો શુભારંભ તા. ૧૫/૧૦/૨૦૨૧ના રોજ કરવામાં આવ્યો. સ્થળ : માંડળ-મોરંગી રોડ, કૃષિ ફૂડ પાછળ, મોરંગી. તા. રાજુલા. જિ. અમરેલી. મો. ૯૯૭૯૪ ૭૮૪૪૭, ૭૮૧૯૦ ૭૩૮૩૮

---

સુરત : સાંખડાસર-૨ ના વતની હાલ સુરત રહેતા પરેશભાઈ શામજીભાઈ સેંતા દ્વારા **મારુતિ ઈલેક્ટ્રીકલ્સ** નું શુભ ઉદ્‌ઘાટન તા. ૯/૧૧/૨૧ ના રોજ કરવામાં આવ્યું. સંપર્ક : એ-જી, અભિલાષા હાઇટ્સ, સિલ્વર મેડઝિમા સામે, ઉત્રાણ, કોસરોડ, સુરત. મો. ૯૩૨૮૨ ૮૦૭૮૩

## આપણો વારસો અને વૈભવ

### રામણ દીવડો



લગ્નની વિધિ પૂર્ણ થયા પછી દીકરીને વળાવતી વખતે માતા વેવાઈ પક્ષને જમરખ દીવડો (રામણ દીવડો) સોંપે છે. રામણ દીવડો જુદા જુદા માપનો હોય છે. સામાન્ય માપ ૪૫ સે.મિ. × ૩૫ સે.મિ. હોય છે. લોખંડની આડી અને ઊભી પટ્ટીઓને રેણ કરી એક લંબચોરસ માળખું તૈયાર કરવામાં આવે છે અને ખાલી ભાગોમાં પૂતળી જેવા આકારો મૂકાય છે અથવા ત્રાસી ઊભી પટ્ટીઓ મૂકાય છે ઉપરના ભાગમાં કડી હોય છે જયારે નીચેના ભાગમાં દીવો રાખવાનું આગળ પડતું વાંકિયું હોય છે. પહેલાના સમયમાં સિહોરમાં બનતા પિત્તળના દિવડાઓ વપરાતાં પરંતુ સમય જતાં મહુવાના સંઘેડિયા બજારમાં પતરાની શીટમાંથી બનતા દીવડાઓ વપરાતાં થયા.

આ રામણ-દીવડો (જમરખ દીવડા) વર-કન્યાને મુશ્કેલીના સમયમાં રક્ષણ આપે છે અને તેઓના જીવનમાં સુખ આપે તેવી માન્યતા છે. તેથી જ કન્યાની માતા દીવડા દ્વારા શુભેચ્છા પાઠવે છે. સ્વ. કરસનદાસ લુહારની પંક્તિ યાદ આવે છે-

ગીત ભરેલું ગાલ્લું દોડે, રસ્તો પૈડે વળગે.
આખા ઘરના આસું લઈને, રામણદીવડો સળગે.

## જ્ઞાતિ 1 પ્રથમ



સમગ્ર જ્ઞાતિમાં પ્રથમ M.D. (૧૯૮૯) ડૉ. બાલાભાઈ ડાયાભાઈ ખોડિફાડ તેઓ ૧૯૮૪માં જામનગર કોલેજમાં M.B.B.S. થયા અને થોડો વખત મહેતા સાર્વજનિક હૉસ્પિટલમાં નોકરી કરી ત્યારબાદ ૧૯૯૦ થી આજ સુધી ઉના ખાતે પટેલ હૉસ્પિટલ એસ.ટી. રોડ, ઉના ખાતે આજ સુધી પોતાનું ક્લિનીક ચલાવે છે અને ચાજપુર-ઉનામાં જલારામ ફુડના નામે ડિહાઇડ્રેશન પણ છે.

## સમાચાર દર્પણ



આર્મી તરીકે ૧૭ વરસ પૂરા કરી સેવા-નિવૃત્ત થયેલા વળિયા કિશોરભાઈ બાબાભાઈનું ભુંભલીના ગ્રામજનો તથા જ્ઞાતિજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

BHOJANI BROTHERS GROUP

# YOUR TRUST IN US KEEPS US GOING

RELIGÂRE
Values that bind

**BHOJANI INVESTMENT**
**Bhavnagar**


## Gitaben Narshibhai Bhojani

8/9 First Floor Bajrangdasbapa Complex
Vasitalav Mahuva 364290 Gujarat

Mahuva
Narshi Bhojani 9824218830

Bhavnagar
Nilesh Bhojani 9723398817

## અભિનંદન



બગસરા : શ્રી રઘાભાઇ લક્ષ્મણભાઇ સુરાણી (મોરંગીવાળા) બગસરા નાગરિક બેંકમાં વાઇસ ચેરમેન તરીકે પસંદગી પામ્યા. તેઓએ છેલ્લા ૪૫ વરસથી બગસરાને પોતાની કર્મભૂમિ બનાવી છે. સહકારી સંસ્થા, શિક્ષણ સંસ્થા તથા માર્કેટીંગ યાર્ડમાં વિવિધ હોદ્દાઓ પર રહી શ્રેષ્ઠ કામગીરી બનાવેલ છે. કોરોના મહામારીમાં પણ ઓક્સિજન પૂરો પાડવાનુ કામ કરી યશ પ્રાપ્ત કરેલ. જ્ઞાતિ તેમને અભિનંદન પાઠવે છે.



મહુવા : મહુવા નાગરિક બેંકની ચૂંટણીમાં મહુવાના શ્રી કલ્પેશભાઇ (બાલાભાઇ) પુનાભાઇ ખોડીફાડ ડિરેકટર તરીકે પ્રથમવાર ચૂંટાયા છે તેઓ મહુવાનાં ઓમ રોપના માલિક છે.



તળાજા : તળાજા નાગરિક બેંકમાં ડિરેકટર તરીકે સમસ્ત ખરક જ્ઞાતિના પ્રમુખ તથા ચેમ્બર ઓફ કોમર્સ તળાજાના પ્રમુખશ્રી ભરતભાઇ ઠંઠ વિજેતા થયા. તે ગૌરવની ઘટના છે.



મહુવા : તાજેતરમાં મહુવા નાગરિક બેંકની ચૂંટણીમાં તેજાભાઇ રાણાભાઇ સેંતા નો ડિરેકટર તરીકે ભવ્ય વિજય થયો. તેઓ સતત ચાર ટર્મથી જીતતા આવેલ છે. હાલ તેઓ નાગરિક બેંકના મેનેજીંગ ડિરેકટર તરીકે કાર્યરત છે. અને ઉત્તમ સીલેકશન - મહુવામાં દુકાન ધરાવે છે. ખૂબ ખૂબ અભિનંદન.

## પ્રસંશનીય કાર્ય



કુંભણ નિવાસી હાલ ખોડિયારનગર, બાપુનગર, અમદાવાદ રહેતા ડૉ. વિનોદભાઇ ડી. વળિયા (અક્ષર કિલિનિક - અમદાવાદ) આપણી જ્ઞાતિના ગામડેથી અમદાવાદ સારવાર માટે આવતા દર્દીઓની છેલ્લા સાત વરસથી નિઃશુલ્ક સેવા કરે છે. દર્દીને બ્લડ પૂરું પાડવાનું કામ હોય, આયુષ્માન કાર્ડનો ઉપયોગ કરવા બાબત, સારી હોસ્પિટલ તથા સુવિધા મેળવવા તથા ઇમરજન્સી સારવાર માટે હંમેશા ખડે પગે રહેનાર વિનોદભાઇને સમગ્ર જ્ઞાતિ આભાર સાથે અભિનંદન પાઠવે છે. સંપર્ક : ૯૬૨૪૧૯૫૦૪૬

## રાજકીય

**જ્ઞાતિની પા પા પગલી ભારતીય જનતા પક્ષના વિવિધ હોદ્દેદારો**

**ડૉ. પી.એસ. ભુત (વિનય હાર્ટ કેર – મહુવા)**
ભાવનગર જિલ્લા કારોબારી સદસ્ય-ભાજપ

**કામળિયા નિલેશભાઇ ટપુભાઇ (શિતલ હોન્ડા)**
ભાવનગર જિલ્લા કારોબારી સદસ્ય-ભાજપ

**રણછોડભાઇ સેંતા**
પ્રમુખશ્રી, મહુવા શહેર ભાજપ કિસાન મોર્ચા-મહુવા

**શામજીભાઇ ઠંઠ**
તળાજા તાલુકા સદસ્ય-તળાજા

**ગફૂલભાઇ મનજીભાઇ ભુત**
ઉપપ્રમુખશ્રી, મહુવા શહેર ભાજપ-મહુવા

**ધર્મેન્દ્રભાઇ ધીરૂભાઇ કુચા (ચામુંડા મોબાઇલ કેર–મહુવા)**
મહામંત્રી, યુવા મોર્ચા, ભાજપ-મહુવા

**દિનેશભાઇ દેવજીભાઇ સેંતા (વેલકમ મોબાઇલ કેર–મહુવા)**
મંત્રી, મહુવા શહેર યુવા મોર્ચા, ભાજપ-મહુવા

**રમેશભાઇ કોરડિયા (આવકાર એગ્રો એજન્સી–તળાજા)**
મંત્રી, તળાજા શહેર યુવા મોર્ચા ભાજપ-તળાજા

**મેહુલભાઇ શામભાઇ ઠંઠ**
ઉપપ્રમુખશ્રી, મહુવા શહેર બક્ષીપંચ મોર્ચા ભાજપ-મહુવા

**છગનભાઇ સવાભાઇ ટાઢા**
કન્વિનર, સોસિયલ મિડિયાસેલ બક્ષીપંચ મોર્ચા, મહુવા શહેર, મહુવા

**શૈલેષભભાઇ બાલાભાઇ ખીમાણી**
કારોબારી સભ્ય, મહુવા શહેર બક્ષીપંચ મોર્ચા, ભાજપ-મહુવા

**વળિયા યશપાલ મયંકભાઇ**
કારોબારી સભ્ય, મહુવા શહેર બક્ષીપંચ મોર્ચા, ભાજપ-મહુવા

**દિપકભાઇ પુરુષોત્તમભાઇ પટેલિયા (આસ્થા એગ્રો ટેક–મહુવા)**
કારોબારી સભ્ય, મહુવા શહેર યુવા મોર્ચા, ભાજપ-મહુવા

**કેતન લલીતભાઇ કોરડિયા (ભવાની ગ્રાફિક્સ–મહુવા)**
કારોબારી સભ્ય, મહુવા શહેર યુવા મોર્ચા, ભાજપ-મહુવા

**તુલસીભાઇ નારણભાઇ ઢેઢી (તુલસી કટલેરી–મહુવા)**
કારોબારી સભ્ય, મહુવા શહેર યુવા મોર્ચા, ભાજપ-મહુવા

**જયસુખ પુનાભાઇ ટાઢા (પાયલ એગ્રો એજન્સી–મહુવા)**
કારોબારી સભ્ય, મહુવા શહેર યુવા મોર્ચા, ભાજપ-મહુવા

**ભાર્ગવ રામજીભાઇ પટેલિયા**
કારોબારી સભ્ય, મહુવા શહેર યુવા મોર્ચા, ભાજપ-મહુવા

**વળિયા પ્રકાશભાઇ બોઘાભાઇ**
કારોબારી સભ્ય, મહુવા શહેર યુવા મોર્ચા, ભાજપ-મહુવા

**રમેશભાઇ પરશોત્તમભાઇ ટાઢા**
મંત્રી, શહેર કિસાન મોરચા ભાજપ, ભાવનગર

**મુકેશ એલ. પટેલિયા**
શહેર કારોબારી સભ્ય, હેલ્થ ઇન્ચાર્જ સોશ્યલ મીડિયા ભાજપ કર્ણાવતી, અમદાવાદ

## કરલો દુનિયા મુઠ્ઠીમેં
(વિદેશ વસતા જ્ઞાતિબંધુઓ)



દેશ : અમેરીકા (જર્યોજીયા)
નામ : અંકિતભાઇ માધાભાઇ સેંતા
પત્નિ : નિધીબેન સેંતા
પિતા : માધાભાઇ સેંતા
સંતાન : રૂદ્ર, અર્થ - વતન : મહુવા
અભ્યાસ : બી.ટેક (ઇ.સી.)
કંપની : એમ્પાઇર ઇલેકટ્રોનીકસ કોર્પોરેશન
હોદ્દો : ઇલેકટ્રોનીકસ એન્જીનીયર
મો. : +૧ (૪૦૪) ૫૪૭ ૭૦૧૮

## મૃત્યુ નોંધ

મહુવા : વળિયા લીલીબેન તેજાભાઇ (૬૨) ૬/૯/૨૧
તરેડ : ઢેઢી નરશીભાઇ કલ્યાણભાઇ (૯૦) ૮/૯/૨૧
નૈપ/મુંબઇ : વાળાકી હરિભાઇ વશરામભાઇ (૬૬) ૯/૯/૨૧
ભુંભલી : સેંતા દૂધીબેન જુજાભાઇ (૬૬) ૧૧/૯/૨૧
રાણીવાડા : કામળિયા દવલબેન નાનજીભાઇ (૯૧) ૧૧/૯/૨૧
દાઠા : કાગડા જેકીબેન નાનજીભાઇ (૭૦) ૧૩/૯/૨૧
કુંભણ/સુરત : વળિયા જીવીબેન કરશનભાઇ (૮૦) ૧૬/૯/૨૧
ત્રાપજ : કુચા ભીખાભાઇ નરશીભાઇ ૨૧/૯/૨૧
કુંભણ : પટેલિયા ધીરૂભાઇ ભીખાભાઇ (૬૦) ૨૧/૯/૨૧
નૈપ : વાળાકી નાનબાઇબેન શામજીભાઇ (૯૫) ૨૪/૯/૨૧
ત્રાપજ : ઢેઢી નારણભાઇ ગૌરાભાઇ (૭૨) ૨૫/૯/૨૧
મહુવા : સેંતા જીજીબેન રાણાભાઇ (૭૮) ૨૯/૯/૨૧
થોરાળી : ખીમાણી લાખુબેન ટીંબાભાઇ (૭૮) ૩૦/૯/૨૧
થોરાળી : ખીમાણી માયાબેન લાલજીભાઇ (૨૮) ૩૦/૯/૨૧
ઠળિયા : ટાઢા નંદુબેન જીવાભાઇ (૬૮) ૩૦/૯/૨૧
ઠળિયા : ટાઢા બાબુભાઇ લાલાભાઇ (૬૯) ૪/૧૦/૨૧
નૈપ : કાપડિયા જશોદાબેન ઘનાભાઇ (૭૫) ૬/૧૦/૨૧
હમીરપરા : પટેલિયા નયનાબેન વિઠ્ઠલભાઇ (૪૫) ૫/૧૦/૨૧
વાળુકડ : ખોડિફાડ નંદુબેન દામાભાઇ (૮૫) ૯/૧૦/૨૧
કુંભણ : વળિયા છગનભાઇ ગફૂલભાઇ (૮૦) ૮/૧૦/૨૧
તરેડ : કંસારા ખાટાભાઇ ગોવિંદભાઇ (૮૬) ૧૦/૧૦/૨૧
ગુંદરણા : કુચા આણંદભાઇ માવજીભાઇ (૫૫) ૧૦/૧૦/૨૧
અવાણિયા : કાપડિયા બોઘાભાઇ વસ્તાભાઇ ૧૨/૧૦/૨૧
નૈપ : વાળાકી અરજણભાઇ નાગજીભાઇ (૫૫) ૧૩/૧૦/૨૧
થોરાળી : ખીમાણી નાનીબેન રઘાભાઇ (૮૧) ૧૯/૧૦/૨૧
મહુવા : સેંતા છગનભાઇ સોંડાભાઇ (૭૦) ૨૦/૧૦/૨૧
મહુવા : ભસોટિયા ધીરૂભાઇ હરિભાઇ ૨૦/૧૦/૨૧
તરેડ : વળિયા બાલુબેન જેઠાભાઇ (૮૦) ૧૯/૧૦/૨૧
ઉમણિયાવદર : વળિયા ભવાનભાઇ ઠાકરશીભાઇ ૨૦/૧૦/૨૧
મહુવા : કાપડિયા જમનાબેન ધીરૂભાઇ (૫૮) ૨૩/૧૦/૨૧
તણસા : ઠંઠ દિવાળીબેન કેશવભાઇ (૯૧) ૨૧/૧૦/૨૧
હમીરપરા : સાંગાણી ઊજીબેન ખાટાભાઇ (૮૫) ૨૩/૧૦/૨૧
તરેડ : કાપડિયા છગનભાઇ માવજીભાઇ (૫૧) ૨૭/૧૦/૨૧
ભેગાળી : વળિયા કુંવરબેન ઝુંઝાભાઇ (૯૦) ૨૬/૧૦/૨૧
ખંઢેરા : વળિયા ઓઘડભાઇ જગાભાઇ (૯૩) ૨૧/૧૦/૨૧
સાંખડાસર-૨ : વળિયા ધરમશીભાઇ મેઘાભાઇ ૩૧/૧૦/૨૧
ખાટસુરા : કાપડિયા અશોકભાઇ શામજીભાઇ ૩૦/૧૦/૨૧
ત્રાપજ : કુચા કેસરબેન ટપુભાઇ (૯૨) ૩૦/૧૦/૨૧
મોરચંદ : વળિયા લક્ષ્મણભાઇ ગોવિંદભાઇ (૪૮) ૩૧/૧૦/૨૧

ઓછા ખર્ચમાં

# ફિલિપાઈન્સમાં MBBS

**1 વર્ષ ગુજરાતમાં તથા 4.5 વર્ષ ફિલિપાઈન્સમાં ભણો**

છેલ્લા 10 વર્ષમાં 1250 થી વધુ ગુજરાતી વિદ્યાર્થીની MBBS માટે ફિલિપાઈન્સની પ્રથમ પસંદગી

## LYCEUM NORTHWESTERN UNIVERSITY

**DAGUPAN CITY, PHILIPPINES** (Recognised by WHO MCI, CHED, IMED, ECFMG)

### વિદ્યાર્થીઓની ફિલિપાઈન્સમાં MBBS અભ્યાસની પ્રથમ પસંદગીના કારણો નીચે મુજબ છે

(૧) ફિલિપાઈન્સ એ એશિયા ખંડનો દેશ છે. આથી આપણા દેશ જેવું વાતાવરણ (8°C to 36°C), આપણા જેવા લોકો, શાંત વાતાવરણ.

(૨) ફિલિપાઈન્સ એ દુનિયાનો ત્રીજો નંબરનો અંગ્રેજી ભાષા બોલતો દેશ છે. યુનિવર્સિટીમાં સંપૂર્ણ અભ્યાસ અંગ્રેજી માધ્યમમાં થાય છે. જ્યારે અન્ય દેશો જેવાં કે રશિયા, યુક્રેનમાં ત્યાંની લોકલ ભાષામાં અભ્યાસ થાય છે.

(૩) પ્રથમ વર્ષ ગુજરાતમાં ભણવાનું હોવાથી એનો ફાયદો એ છે કે ગુજરાતી માધ્યમમાં ભણેલા વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષ દરમ્યાન અંગ્રેજીમાં અભ્યાસનો મહાવરો થઈ જાય છે. આથી બીજા વર્ષે ફિલિપાઈન્સ જશે ત્યારે અંગ્રેજી માધ્યમમાં લેવાતા લેક્ચર બરાબર સમજી શકશે.

(૪) ફિલિપાઈન્સમાં MBBS (B.S.-M.D.) 5.5 વર્ષમાં (ઈન્ટર્નશીપ સાથે) પૂર્ણ થાય છે જ્યારે રશિયા, યુક્રેન, બેલારૂસમાં 7 વર્ષ થાય છે.

(૫) ભારતમાં થતા રોગો અને ફિલિપાઈન્સમાં થતા રોગો સમાન છે તથા ભારતીય મેડીસીન પણ ફિલિપાઈન્સમાં મળી રહે છે.

(૬) હોસ્ટેલ કોલેજની સામે જ છે તથા ગુજરાતી ભોજનની કેન્ટીન પણ ઉપલબ્ધ છે.

(૭) ફિલિપાઈન્સમાં MBBS નો અભ્યાસ કર્યા બાદ, પરત આવે ત્યારે NMC (National Medical Commission) ની પરિક્ષા પાસ કરવાની હોય છે. આ પરિક્ષાની તૈયારી ફિલિપાઈન્સમાં અભ્યાસ સાથે જ કરાવવામાં આવે છે.

(૮) ફિલિપાઈન્સમાં ઈન્ટર્નશીપમાં વિદ્યાર્થીઓને ક્લિનીકલ એક્પોઝર ખૂબજ સારું મળે છે. હોસ્પિટલમાં પ્રેક્ટીકલ નોલેજ શ્રેષ્ઠ પ્રકારનું મળે છે.

(૯) જે વિદ્યાર્થીને PG કરવા માટે યુ.એસ.એ. જવું હોય તેમના માટે USMLE ની પરિક્ષાની તૈયારી અભ્યાસ સાથે જ ફિલિપાઈન્સમાં થાય છે.

(૧૦) NEET ક્વોલીફાઈડ વિદ્યાર્થીઓને ડાયરેક્ટ (BS-MD) પ્રવેશ મળે છે.

(૧૧) NEET અનક્વોલીફાઈડ વિદ્યાર્થીઓ વર્ષ બચાવો. જે વિદ્યાર્થીને NEET નો સ્કોર, કટ ઓફ માર્કસથી ઓછા આવ્યા હોય, તેવા વિદ્યાર્થી મિત્રો પણ ડૉક્ટર બનવાનું પોતાનું સપનું પૂર્ણ કરી શકે છે. આ અંગેની માહિતી માટે અમારો સંપર્ક કરો.

(૧૨) લોન માટે : Rs. 15 Lac ની ગર્વમેન્ટ લોન 4% વાર્ષિક વ્યાજ દરથી EWS, OBC, SC, ST તમામ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે મળે છે. લોનની સમગ્ર પ્રોસેસ કરવાનું સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.



એડમીશન માર્ગદર્શન માટે મળો

## કેરીયર સ્ટડી સેન્ટર (રજી.)

૨૧૮, યુનિવર્સિટી પ્લાઝા, રસરંજન રેસ્ટોરન્ટ પાસે, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

સંપર્ક : મનસુખભાઈ સેંતા • M. : 98240 44364 • Tel. : 079-27913386

## કેરિયર કોર્નર

### વિદેશ શિક્ષણનો વધતો ક્રેઝ

વિદ્યાર્થી મિત્રો

આજનાં ટેકનોલોજી યુગમાં વિદેશ શિક્ષણ માટે યુવાનો ખુબ જ મોટા પ્રમાણમાં જઇ રહ્યાં છે. અમેરીકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, બ્રિટન, જર્મની, ફ્રાંસ જેવા દેશોમાં વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી હોય છે. ગ્રેજ્યુએશન પછી માસ્ટર્સ ડિગ્રી અભ્યાસ માટે ખાસ કરીને એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ M.S. કોમ્પ્યુટર સાયન્સ, ઇલેક્ટ્રીકલ, મીકેનીકલ, કેમીકલ, બાયોમેડીકલ, એન્વાયમેન્ટ સાયન્સ પછી જાય છે. આ ઉપરાંત કોમર્સ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ B.Com. પછી M.B.A. એકાઉન્ટીંગ, ઇન્ટરનેશનલ બિઝનેસ, ટુરીઝમ, લોજીસ્ટીક્સ, સપ્લાઇ મેનેજમેન્ટ માટે જતાં હોય છે. ગ્રેજયુએશન ઉપરાંત ધો. ૧૨ સાયન્સ/કોમર્સ પછી પણ ઘણા વિદ્યાર્થીઓ વિદેશ શિક્ષણ માટે જઇ રહ્યા છે.

સામાન્ય રીતે વિદેશ અભ્યાસ માટે જવાનું હોય તેવા વિદ્યાર્થીઓએ ૧ વર્ષ અગાઉથી જ આ અંગેની તૈયારી શરૂ કરવી પડે છે. જેમાં (૧) પાસપોર્ટ કઢાવવો (૨) TELTS, TOEFL, PET જેવી ટેસ્ટ (૩) SAT, GRE, GMAT જેવી ટેસ્ટ

અહીં TELTS એ અંગ્રેજી પોફિસીયન્સી ટેસ્ટ છે. જેમાં રાઇટીંગ, હીયરીંગ, રીડીંગ, લીસનીંગ એમ ૪ પ્રકારની ટેસ્ટ હોય છે. આ ટેસ્ટ એટલા માટે લેવાય છે કે જે વિદ્યાર્થી વિદેશ શિક્ષણ મેળવવા માટે જાય છે તેમને અંગ્રેજીનું જ્ઞાન છે તે પુરવાર થાય છે. ટેસ્ટમાં ૬-૫ થી ઉપર બેન્ડ/સ્કોર આવે તે જરૂરી હોય છે.

GRE એ ગ્રેજ્યુએટ રેકોર્ડ એક્ઝામીનેશન છે. તેમાં શ્રેષ્ઠ સ્કોર મેળવ્યો હોય તો શ્રેષ્ઠ યુનીવર્સીટીમાં પ્રવેશ મળે છે. સાથે સ્કોલરશીપ પણ મેળવી શકાય છે. GRE સામાન્ય રીતે એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ આપતા હોય છે.

GMAT એ મેનેજમેન્ટ, M.B.A. માં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ કે જેઓ બી.એસ.સી., બી.કોમ, બી.ઇ., બી.સી.એ., બી.બી.એ. જેવા ગ્રેજયુએટ વિદ્યાર્થીઓ GMAT પરીક્ષા M.B.A. માં પ્રવેશ માટે જરૂરી હોય છે.

વિદેશોમાં અભ્યાસ પછી PSW (પોસ્ટ સ્ટડી વર્ક) એટલે કે અભ્યાસપૂર્ણ થયા બાદ ૨ વર્ષ નોકરી કરવાની તક મળે છે. કોઇપણ સારી કંપનીમાં Job મળી જાય પછી સમયગાળો એક્સટેન્ટ થઇ શકે છે. ૩ થી ૫ વર્ષ પછી જે તે દેશમાં PR (પરમેનન્ટ રેસીડેન્સી) એપ્લાય કરી શકે છે. PR મળ્યા પછી વિદ્યાર્થી કાયમી જે તે દેશનો વતની બની શકે છે.

સમયની સાથે આપણા ખરક સમાજમાં વિદ્યાર્થી ઓ પણ હવે વિદેશ અભ્યાસ માટે જવાનું શરૂ કર્યુ છે. શ્રીમદ્ ભાગવતગીતામાં કહ્યું છે કે પરીવર્તન સંસારનો નિયમ છે. તે મુજબ આપણો સમાજ પણ પ્રગતિના પંથે ચાલી રહ્યો છે. શુભેચ્છા સહ

શ્રી મનસુખભાઇ એન. સેંતા મો. ૯૮૨૪૦ ૪૪૩૬૪

## યુવા દર્પણ



ખરક જ્ઞાતિ ક્રિકેટ ટુર્નામેન્ટ

મુનેશભાઇ કાપડિયા, ગોપાલ ખોડિફાડ, મયુર વાળાકી, ડી.જે. કોરડિયા અને ડૉ. વિપુલ કોરડિયા દ્વારા મહુવા ખાતે ૭/૧૧/૨૧ના રોજ ખરક જ્ઞાતિ ક્રિકેટ ટુર્નામેન્ટનું સુંદર આયોજન કરાયું. જેમાં મહુવા, ભાવનગર, અંકલેશ્વર, તળાજા તથા ભુંભલીની કુલ ૯ ટીમે ભાગ લીધો. જેમાં ફાઇનલમાં ક્રિષ્ના-૧૧ ભાવનગરની ટીમ જય જનની-૧૧ તળાજાને હરાવી વિજેતા બની. સમગ્ર ટુર્નામેન્ટમાં બેસ્ટ બોલર, બેસ્ટ બેટ્સમેન તથા મેન ઓફ ધ સીરીઝનો ઇલ્કાબ શ્રી ડી.જે. કોરડિયા (જય જનની-બપાડા) ને મળ્યો. વિજેતા ટીમના કેપ્ટન હિતેષભાઇ ભોજાણી તથા ફાઇનલ મેચમાં મેન ઓફ ધ મેચ બનનાર જયંતીભાઇ ચૌહાણ તથા તેમની ટીમને ખરક સમાજ દર્પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. સુંદર વ્યવસ્થા માટે યુવા આયોજકો પણ અભિનંદનના અધિકારી છે.

## પ્રતિનિધિ ગામે ગામ



વળિયા ભૂપતભાઇ મનજીભાઇ
પ્રમુખ : ખરક સમાજ - પુના
રીયલ સ્વીચ ગેઅર એન્ડ કેબલ (પુના) પુના
મો. ૯૯૭૦૩ ૫૦૦૦૩



કુચા હિંમતભાઇ સવજીભાઇ
ધનરાજ એગ્રો એજન્સી - તળાજા
બપાડા
મો. ૯૮૨૪૯ ૨૩૨૯૦



સેંતા માધાભાઇ ગુંઝાભાઇ
ધારડી
મો. ૯૫૮૬૫ ૩૦૭૭૨



કાપડિયા ધીરજભાઇ ઉકાભાઇ
શિક્ષક : પ્રા. શાળા - પાદરગઢ
બોરડા
મો. ૯૯૨૫૭ ૨૯૮૨૮



ભાલાળા કિશનભાઇ આંબાભાઇ
મઢૂલી પાન - માળવાવ
માળવાવ
મો. ૯૭૨૩૭ ૧૧૪૨૬



ઢેઢી કાળુભાઇ ગફૂલભાઇ
જસપરા
મો. ૯૯૧૩૧ ૦૫૦૩૭

## હળવાશ

ડૉક્ટર : સવારે, બપોરે અને રાત્રે આ ગોળી ૨ ગ્લાસ પાણી સાથે લેજો.
દર્દી : સાહેબ મને ખરેખર શું બીમારી છે?
ડૉક્ટર : તમે પુરતું પાણી નથી પીતા!!

---

પત્નિ : 'નારી' નો અર્થ શું?
પતિ : 'નારી' નો અર્થ શક્તિ થાય છે.
પત્નિ : તો પછી 'પુરુષ'નો અર્થ શું?
પતિ : 'સહનશક્તિ'

---

છગન : તમારા મોટાભાઇ શું કામ કરે છે?
મગન : એક દુકાન ખોલી'તી. પણ આજકાલ જેલમાં છે.
છગન : કેમ?
મગન : દુકાન હથોડાથી ખોલી હતી.

---

વિદ્યાર્થી : પપ્પા એન્ટાર્કિટા કયાં છે?
પપ્પા : મને હેરાન ન કર. આ ઘરમાં બધી વસ્તુ તારી મમ્મી મુકે છે એને પુછ.

---

ટીચર : રાજુ તુ સ્કૂલમાં શા માટે આવે છે?
રાજુ : વિદ્યાને ખાતર.
ટીચર : તો તું ઉંઘે છે કેમ?
રાજુ : આજે વિદ્યા નથી આવી.

---

નોકર : શેઠ તમારે ત્યાં કામ કરતા કરતા મારા વાળ સફેદ થઇ ગયા. હવે તો પગાર વધારો.
શેઠ : આ લે વીસ રૂપિયા વાળ કાળા કરાવી આવ.

## આરોગ્ય દર્પણ

### દાંત

દાંત હલતા, કળતા, દુખતા હોય કે પેઢા અવવાવળા કુલતા હોય, મુખમાથી વાસ આવતી હોય વગેરે માટે... દુધ અને ગળી વસ્તુ ખોરાકમાં તુરંત બંધ કરવી.

આમળા, સંત્રા, મોસંબી, નારંગી અને લીંબુ આમાંથી ગમે તે એકનો રસ અઠવાડીએ એક વાર પીવો તે દાંત માટે બહુ જ ફાયદાકારક છે.

પ્રયોગ : પાંચ લવિંગ, ચપટી મીઠું, ચપટી હળદર બરાબર વાટીને તે પાવડરને બ્રશ પર લઇને ત્રણ ટાઇમ કે એક ટાઇમ બ્રશ કરવું અને ગરમ પાણીથી કોગળા કરી મુખ શુદ્ધિ કરવી. જેમને દાંત કે દાઢની તકલીફ હોય એમણે તો શરૂઆતના ચાર-પાંચ દિવસ રોજ ત્રણ ટાઇમ આ પ્રયોગ કરવો. પછી રોજ એક ટાઇમ કરી શકાય. ઘણા બધા લોકોને રિઝલ્ટ તો એકવાર બ્રશ કરવાથી જ મળી જાય છે. પણ પ્રયોગ સંપૂર્ણ તકલીફ મટી જાય ત્યાં સુધી ચાલુ રાખવો જોઇએ. દાંત કે દાઢ કઢાવવાની જરૂર નહી પડે.

ગોળ અને અજમો સરખા ભાગે ચાવીને ખાવાથી મુખની દુર્ગંધ દૂર થાય છે.

વૈદ્ય હિંમત સેંતા
ખરક આયુર્વેદ એન્ડ કુદરતી ઉપચાર કેન્દ્ર
ભુંભલી.
મો. ૮૧૪૦૧૯૯૫૮૮

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

digit CSC

SBI

SBI general INSURANCE

**શ્રી વિવેકાનંદ ઓનલાઈન**
શોપ.નં-૬, ગૌતમેશ્વર શોપીંગ
ભગવતી ચોક, કાળિયાબીડ, ભાવનગર
નિલેશ પી. ટાઢા
9328742121

જેનિલ

**SBI ગ્રાહક સેવા કેન્દ્ર**
શોપ.નં-૧૩, શિવરંજની કોમ્પ્લેક્ષ, SBI બેંકની
બાજુમાં ભગવતી સર્કલ, કાળિયાબીડ.
રમેશ પી. ટાઢા
9328722121

## શ્રી વિવેકાનંદ ઓનલાઈન

- ઓનલાઈન ફોર્મ
- પાસપોર્ટ ફોટો
- ST બસ ટિકીટ બુકીંગ
- બુક સ્ટોલ
- કલર પ્રિન્ટ
- ટ્રાવેલ્સ ટીકીટ બુકીંગ
- બાઈન્ડીગ
- મોબાઈલ રિચાર્જ
- કુરીયર સર્વિસ
- સ્પાઈરલ
- ડિશ ટીવી રિચાર્જ
- ઝેરોક્ષ
- પાનકાર્ડ
- આધાર કાર્ડ ડાઉનલોડ
- RTO ના ફોર્મ

## SBI ગ્રાહક સેવા કેન્દ્ર

- ATM કાર્ડથી રૂા.૧૦૦ થી રૂા. ૧૦૦૦૦ ઉપાડ
- આધારકાર્ડથી રૂા.૧૦૦ થી રૂા. ૧૦૦૦૦ ઉપાડ તથા જમાં
- ખાતા નં. થી ભગવતી સર્કલ SBI માં રૂા. ૧૦૦ થી રૂા. ૨૦૦૦૦ જમાં થશે (SBI ની કોઈ બીજી બ્રાંચ માં ટ્રાન્સફર પર ચાર્જ લાગશે)
- રૂા. ૧૨ વાળો વિમો ૧ વર્ષ અકસ્માતે મૃત્યુ રૂા. ૨,૦૦,૦૦૦ મળવા પાત્ર
- રૂા. ૩૩૦ વાળો વિમો ૧ વર્ષ કુદરતી મૃત્યુ રૂા. ૨,૦૦,૦૦૦ મળવા પાત્ર
- રૂા. ૧૦૦૦ થી રૂા. ૫૦૦૦ સુધીનું અટલ પેન્શન યોજના
- RD ખાતુ ખોલી આપીશું.
- જનધન ખાતું ખોલી આપીશું.

**SBI બેંક પાસબુક માં એન્ટ્રી પાડી આપવામાં આવશે.**
નોંધ : બારકોડ સ્ટીકર ફરજીયાત લગાવેલું જોઈશે.

- LIC નો નવા વિમા માટે મળો.
- LIC પ્રિમીયમ ભરી આપીશું
- LIC પોલીસી ને લગતી તમામ સર્વિસ આપવામાં આવશે.
- SBI જનરલનો મેડિકલ વિમા માટે મળો.
- ફાસ્ટેગ કાઢી આપીશું
- થર્ડપાર્ટી તથા ફુલ વિમા કરી આપીશું (ટુવ્હિલર તેમજ ફોર વ્હિલર)
- કોમ્પ્યુટરના C.C.C કોર્ષ માટે મળો
- નવોદય ઓનલાઈન ફોર્મ ભરવા માટે મળો.

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

FASTag Easy to Cruise

**तत्काल मनीट्रान्सफर**
**તત્કાલ મની ટ્રાન્સફર કરી આપીશું.**

A S WORLD
WAY OF WITHOUT LIMIT

## દરેક પ્રકારના વાહનનો વીમો મેળવવા માટે સંપર્ક કરો



greenparkbvn@gmail.com
www.mukeshsangani.com
+91 9979848438 | +91 9099991120

36 Trimurti Society, Near Top 3 Circle, Talaja Road, Bhavnagar.